આપણું પોતાનું અખબાર

જ્ઞાન પ્રાપ્તિથી જીવન પૂર્ણ બને છે, જ્ઞાન પ્રાપ્તિ માટે શ્રધ્ધા અતિ આવશ્યક છે
- શ્રીલ પ્રભુપાદ

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૬૮ | ૧૮ મે ૨૦૧૨, શુક્રવાર, વૈશાખ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# બાલવા ગામે એક સાથે બાર ગાયોનાં મોત

## એરંડાના ખેતરમાં ભેલાણ માટે ઘૂસેલી ગાયોના એક સાથે મોત નિપજ્યાં : આઠ ગાયો ગંભીર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના બાલવા ગામે આજે સાંજના સુમારે એરંડાના ખેતરમાં ભેલાણ માટે ઘુસેલી ૧૨ જેટલી ગાયોના મોત નીપજ્યાના સમાચારોથી જિલ્લાના પશુપાલકોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

આજે સાંજે પાંચ વાગ્યાના સુમારે આ ઘટના બની હોવાનું જાણવા મળેલ છે. એરંડાના પાન ખાધા બાદ ગાયોને મેળો ચડતાં તેમના મોત નીપજ્યા હોવાનું જાણવા મળેલ છે. ૮ જેટલી ગાયોની સ્થિતિ ગંભીર હોવાનું પણ જાણવા મળેલ છે.

આ બનાવની જાણ થતાં જ જિલ્લાના પશુપાલન તંત્રએ તાબડતોબ ટીમો બાલવા રવાના કરી હતી. પરંતુ મોડી સાંજ થઈ જતાં હવે આજે સવારે મૃત પશુઓના પોષ્ટમોર્ટમ કરી અને તેના વિશેરા લઈ વધુ તપાસ માટે મોકલવામાં આવશે.

આ ઘટનાની જાણ થતાં જ આ વિસ્તારના ધારાસભ્ય શ્રી સુરેશ પટેલ તથા જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન શ્રી અજીતસિંહ રાઠોડે જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. બી.કે. પટેલની સાથે વાત કરી અધિકારીઓની ટીમો મોકલવા જણાવ્યું હતું. તેમણે આ પશુપાલકોને સરકાર દ્વારા સહાય મળે તે માટે પણ રજુઆત કરનાર હોવાનું જાણવા મળેલ છે.

આ બન્ને આગેવાનો આજે સવારે બાલવા જઈ પશુપાલકોને મળનાર હોવાનું પણ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં ખેતરમાં પશુઓ ભેલાણ માટે જતી હોવાથી તેમના મૃત્યુઓ થવાની ઘટનાઓ સમયાંતરે બનતી રહી છે.

મળતી વિગતો પ્રમાણે આ બનાવને પગલે પશુપાલકોની જાગૃતિ માટે ગાંધીનગર તાલુકામાં લોકજાગૃતિની શિબિરનું આયોજન પણ તંત્ર દ્વારા વિચારણામાં લેવામાં આવ્યું છે અને આગામી સપ્તાહમાં જ આવી શિબિરનું આયોજન કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

# સેક્ટર-૭ સીમાંથી લારીઓની હકાલપટ્ટી





ગાંધીનગર, તા. ૧૭

સૅક્ટર-૭ સીના વસાહતીઓ દ્વારા કરવામાં આવતી ફરિયાદોને આખરે તંત્ર દ્વારા સાંભળવામાં આવી છે અને તેના પરિણામે લેવામાં આવેલાં ત્વરિત પગલાંરૂપે સૅક્ટર-૭માં ભરાતું શાક બજાર અહીંથી ઉખેડી નાખવાનો પ્રયાસ તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. અલબત્ત, સરકારી તંત્ર દ્વારા કરવામાં આવતા 'સરકારી જેવા' પ્રયાસોને કારણે શાકભાજી-ફળોની લારીઓ પોતાના નિયત સમય કરતાં મૉડી અહીં ગોઠવાય છે, પણ ગોઠવાય છે ખરી. અને હા, નિયત સ્થળથી માત્ર ૨૦ મીટરના અંતરથી જ આ શાક બજાર મોડી સાંજે પાછું ઊભું થઈ જાય છે.

સૅક્ટર-૬માં શાક માર્કેટ ઊભું કરવામાં આવ્યું હોવા છતાં એ માર્કેટનો વિકાસ થયો જ નહીં, કારણ કે એ પહેલાં જ સૅક્ટર-૭માં શાકભાજીની લારીઓ ગોઠવાઈ ગઈ હતી અને ભરપૂર નફો પણ રળતી થઈ ગઈ હતી. દલિલ એવી હતી કે સૅક્ટર-૭ વચ્ચે પડે છે અને સરકારી કચેરીઓમાં આવતા લોકોને પણ એ રસ્તામાં જ પડે છે, જેના કારણે અહીં લોકોની ભીડ વધારે મળે છે. આ એક જ કારણ સામે ધરીને અહીંથી શાકભાજીની લારીઓ ન ખસી તે ન જ ખસી. અગાઉ આ લારીઓ અપના બજારની પાછળના મેદાનમાં ઊભી રહેતી હતી. એ પછી એ જગ્યા સરકારે કૉર્ડન કરી લીધી અને લારીવાળાઓને તગેડ્યા. પણ લારીઓ ત્યાંથી બહુ દૂર ગઈ નહીં. અપના બજારની બાજુમાં જ સૅક્ટર-૭ સીના મેદાનમાં એ ગોઠવાઈ. થોડાં વર્ષો પછી આ જગ્યાએ ચીપ ટાઈપની દુકાનો ઊભી કરવામાં આવી, પણ એ દુકાનોનોય ઉપયોગ ન થયો. આખરે એ જગ્યા પણ તાર ફેન્સીંગથી કૉર્ડન કરી લેવામાં આવી અને ત્યાંથી પણ લારીવાળાઓને તગેડવામાં આવ્યા. તેમ છતાં લારીવાળાઓએ જાણે સૅક્ટર ન છોડવાના સમ ખાઈ લીધા હોય તેમ એ લોકો ત્યાંથી માત્ર ૧૦૦ મીટરના અંતરે પટેલ સમાજ ભવનની પાસે સૅક્ટર-૭ સીના મેદાનમાં ઊભા રહેવા લાગ્યા. આપોઆપ જ ત્યાં શાક બજાર ઊભું થઈ ગયું.

પરંતુ, આ શાક બજાર આસપાસના સરકારી મકાનો અને ખાનગી મકાનોના વસાહતીઓ માટે ન્યૂસસન્સ હતું. અહીં દરરોજ જામતી ભીડ, વાહનોનું પ્રદૂષણ, ગમે તેવા લોકોની અવરજવર, લારીવાળાઓના રોજના ઝઘડા, ગાળાગાળી એ બધી જ બાબતોથી વસાહતીઓ તંગ આવી ગયા હતા. એમણે પોતે પણ આ બજાર અહીંથી ખસી જાય તેવા પ્રયાસો કર્યા હતા પરંતુ તે સફળ ન રહેતાં આખરે તંત્ર સમક્ષ ધા નાખવામાં આવી હતી. અલબત્ત, તેમ છતાં તંત્ર જાગ્યું ન હતું અને ગઈકાલે વર્ષો પછી અચાનક જ તંત્રની ઉંઘ ઊડી ગઈ હોય એમ તંત્ર જાગ્યું છે અને અચાનક જ અહીં ધામા નાખીને લારીઓને ખદેડી નાખી છે. એટલું જ નહીં, લારીઓ જ્યાં ઊભી રહેતી તે મેદાનને પણ ખોદી નાખવામાં આવ્યું છે. એય ઓછું હોય તેમ સાંજના સમયે અહીં સરકારી માણસો પણ ઊભા રહે છે અને લારીઓને અહીં ઊભી રહેવા નથી દેતા.

સામાન્ય રીતે સાંજે ચાર વાગ્યા પછી અહીં લારીઓ આવવાની શરૂ થાય છે ને બજાર ભરાય છે. પણ સરકારી માણસો ઊભા હોવાથી લારીઓ આ સ્થળે તો નથી આવતી પણ આસપાસના રસ્તાઓ ઉપર ને ગલીઓમાં તો ઊભી જ રહે છે. ખરીદારો પણ લારીઓ આસપાસમાં જ હશે એમ જાણતા હોય છે તેથી તેઓ પણ મતલબની લારી શોધી તો લે જ છે.

હવે આખીય વાતમાં

● અનુસંધાન પાન-૭ પર




ગાંધીનગરને હરિયાળું અને રમણિય બનાવવા તંત્રએ સ્વૈચ્છિક-સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત વિવિધ ઉદ્યોગગૃહોને ગાંધીનગરના સર્કલને વિકસાવવાનું જવાબદારી સોંપી હતી. સર્કલ જ્યારે નવા રૂપ-રંગ સજીને તૈયાર થઈ ગયા ત્યારે નાગરિકોએ સર્કલને જોવા ઉમટી પડતાં હતા અને હરખાતાં હતા. જ્યારે આજે એ જ સર્કલની નિભાવણી થતી ન હોવાથી સર્કલની હાલત બગડતી જાય છે.... (તસવીર : દિપક જાની)

# મેટ્રો રેલ માટે બજારમાંથી ૭,૫૦૦ કરોડ મેળવાશે

## મેટ્રો રેલ પ્રોજેક્ટમાં ઝડપ લાવવા 'મેગા' કંપનીને સૂચના : વિવિધ કામગીરી માટેનાં ટેન્ડર મંગાવવાનું શરૂ કરાયું

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર-અમદાવાદ માટે સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ માટે બજારમાંથી રૂ. ૭૫૦૦ કરોડ ઉઘરાવવાની પરવાનગી આપી દેવાઈ હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર રાજ્ય સરકારે મેગા (મેટ્રો-લિન્ક એક્સપ્રેસ ફોર ગાંધીનગર-અમદાવાદ) કંપનીને કુલ પ્રોજેક્ટના અડધા ખર્ચ પેટે રૂ. ૭૫૦૦ કરોડ બજારમાંથી લેવાની છૂટ આપી દીધી છે. અમદાવાદ-ગાંધીનગર વચ્ચેના મેટ્રો રેલ પ્રોજેક્ટનો નવો અંદાજ રૂ. ૧૫૦૦૦ કરોડનો છે. રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે ૩૦ ટકા રકમ તબક્કાવાર રાજ્યના બજેટમાંથી ફાળવવાનો નિર્ણય કર્યો છે. જે પૈકી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૩૦૦ બાળાઓને વિદ્યાલક્ષ્મી બૉન્ડના રૂ. ૫૧ હજારથી વધુ પ્રવેશોત્સવ દરમ્યાન ચૂકવાશે

## ૧૧ ગામોમાં ૩૫ ટકાથી ઓછી સાક્ષરતા ધરાવતી ૨૭ શાળાઓમાં પ્રવેશોત્સવ પર વિશેષ આયોજન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ હેઠળ આ વર્ષે ૩૦૦ જેટલી બાળાઓને આવરી લેવામાં આવશે. જ્યારે ૩૦૦ જેટલી બાળાઓએ ધો. ૭ સુધીનો અભ્યાસક્રમ પૂર્ણ કરતાં તેમને ૫૧ હજારથી પણ વધુ રકમ આ યોજના તળે ચુકવવામાં આવશે.

આગામી ૧૪ થી ૧૬ જૂન દરમ્યાન યોજાનાર શાળા પ્રવેશોત્સવ દરમ્યાન જિલ્લામાં ૨૨ હજારથી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ૧૬૨૫૭ વિદ્યાર્થીઓને ધો. ૧ માં તથા ૬ હજાર જેટલા બાળકોને ધો. ૮માં પ્રવેશ આપવામાં આવશે.

જિલ્લામાં શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ અંગેનું આયોજન શિક્ષણતંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે અને આ માસાન્તે તે આયોજન આખરી કરી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

પ્રવેશોત્સવમાં રોજના પાંચ ગામોની શાળાઓને આવરી લેવાનું લક્ષ્યાંક હાલ રાખવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

શિક્ષણતંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૩૫ ટકાથી ઓછી સાક્ષરતા ધરાવતા ૧૧ ગામોની ૩૩ શાળાઓ અલગ તારવવામાં આવી છે. જેમાં માણસા તાલુકાનું ૧ ગામ, દહેગામના ૩ ગામ અને કલોલ તાલુકાના ૭ ગામનો સમાવેશ થાય છે.

શિક્ષણતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરી વિસ્તારોમાં અલગથી પ્રવેશોત્સવ ઉજવવામાં આવનાર છે અને આ અંગેની સંભવિત તારીખો ૨૩, ૨૪, ૨૫ જૂન છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૮ જેટલા શહેરી વિસ્તારોમાં પ્રવેશોત્સવ અલગથી ઉજવવામાં આવનાર છે. જેમાં ગાંધીનગર, દહેગામ, કલોલ, માણસા, પેથાપુર, ચાંદખેડા, મોટેરાનો સમાવેશ થાય છે. ચાંદખેડા અને મોટેરા અમદાવાદ સાથે ભેળવી દેવાયા બાદ હજુ પણ ત્યાં પ્રા. શાળાઓનું હસ્તાંતરણ કરવામાં આવ્યું નથી.


TVના રીમોટ મળશે

આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬




Stockiest List - Gandhinagar Dist. S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. | Customer Name | City | Mobile No. |
|---|---|---|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 | MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 | SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 | BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 | AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 | SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 | VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 | SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| HET TRADERS | DABHODA | 81410 17688 | GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 | PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 | AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 | HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 | YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 | SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 | SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 | Company Markteing Staff : | | |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 | Kartikey Vyas | | 98796 05116 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 | Kinshuk Dave | | 83475 57002 |